Volume-04
Issue-03
March-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# યુવાનોની લગ્ન વિષયક આકાંક્ષાઓ - સમાજશાસ્ત્રીય અભ્યાસ

ડૉ.ભાગ્યશ્રી જે. રાજપુત

*M.Phil scholar, Sociology , Gujarat University, Ahmedabad, Gujarat (India)*
*મુલાકાતી વ્યાખ્યાતા, એચ.કે. આર્ટસ કોલેજ, નટરાજ સિનેમા પાસે, અમદાવાદ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 13 March2019

**Keywords**
યુવાનો, લગ્ન, આકાંક્ષાઓ, અજંપા, અપેક્ષાઓ.

***Corresponding Author**
*Email: bhagyashree.rajput143[at]gmail.com*

**ABSTRACT**

યુવાનોને કોઇપણ દેશનું મહત્વનું અંગ ગણવામાં આવે છે. યુવાનોમાં રહેલો જોમ, જુસ્સો, આવડત, સૂઝ-બુઝ તેનાં વિકાસમાં તેમજ સમગ્ર સમાજનાં વિકાસમાં ખુબ જ મહત્વનો ફાળો આપે છે. પ્રસ્તુત સંશોધન કાર્યમાં પણ યુવાનો જ કેન્દ્રસ્થાને છે. યુવાનોને સ્પર્શતા દરેક પાસાંઓને જાણવા, સમજવા પર ભાર મુકવામાં આવ્યો છે. યુવાનોનાં જીવનને સમજવા માટે તેમની આકાંક્ષાઓ, મહત્વકાંક્ષાઓ, વિચારશૈલીની જાણકારી મેળવવા માટે સૌ પ્રથમ તો યુવાનીનાં ઉંબરે ઉભેલાં યુવાહૈયાની લગ્ન-વિષયક જાણકારી જાણવી ખુબ જ જરૂરી બની રહે છે.

પ્રસ્તુત સંશોધન વિષયનો હેતુ યુવાનોની લગ્ન-વિષયક વિવિધ પ્રકારની આંકાક્ષાઓ, વલણો, વર્તન, વિચારો તેમજ યુવાનોનાં વિવિધ પ્રશ્નો અને અજંપાની માહિતી મેળવવાનો છે. લગ્ન-સંબધ એ સમાજવ્યવસ્થાનું મહત્વપૂર્ણ અંગ છે. આજનાં યુવાનોમાં લગ્ન વિશેનાં ખ્યાલો બદલાયા છે. યુવાનોમાં લગ્નવય ઉંચી ગઈ છે. યુવાનો પહેલાં કારકિર્દીને મહત્વ આપે છે ત્યારબાદ લગ્નનું વિચારે છે. આ ઉપરાંત જીવનસાથી પસંદગીનાં વલણો બદલાયાં છે. યુવાનોમાં આંતરધર્મીય અને આંતરજ્ઞાતીય લગ્નનું પ્રમાણ વધ્યું છે. તેમજ છુટાછેડામાં પણ પ્રમાણ વધ્યું છે. આથી પ્રસ્તુત સંશોધનમાં યુવાનોની લગ્ન-વિષયક માહિતી, અભિપ્રાયો એકત્રિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

**પ્રસ્તાવના-:**

યુવાનોને કોઇપણ દેશનું મહત્વનું અંગ ગણવામાં આવે છે .યુવાનોમાં રહેલો જોમ ,જુસ્સો ,આવડત ,સૂઝ-બુઝ તેનાં વિકાસમાં તેમજ સમગ્ર સમાજનાં વિકાસમાં ખુબ જ મહત્વનો ફાળો આપે છે .પ્રસ્તુત સંશોધન કાર્યમાં પણ યુવાનો જ કેન્દ્રસ્થાને છે .યુવાનોને સ્પર્શતા દરેક પાસાંઓને જાણવા , સમજવા પર ભાર મુકવામાં આવ્યો છે .યુવાનોનાં જીવનને સમજવા માટે તેમની આકાંક્ષાઓ ,મહત્વકાંક્ષાઓ , વિચારશૈલીની જાણકારી મેળવવા માટે સૌ પ્રથમ તો યુવાનીનાં ઉંબરે ઉભેલાં યુવાહૈયાની લગ્ન-વિષયક જાણકારી જાણવી ખુબ જ જરૂરી બની રહે છે.

પ્રસ્તુત સંશોધન વિષયનો હેતુ યુવાનોની લગ્ન-વિષયક વિવિધ પ્રકારની આંકાક્ષાઓ ,વલણો ,વર્તન ,વિચારો તેમજ યુવાનોનાં વિવિધ પ્રશ્નો અને અજંપાની માહિતી મેળવવાનો છે . લગ્ન-સંબધ એ સમાજવ્યવસ્થાનું મહત્વપૂર્ણ અંગ છે .આજનાં યુવાનોમાં લગ્ન વિશેનાં ખ્યાલો બદલાયા છે .યુવાનોમાં લગ્નવય ઉંચી ગઈ છે .યુવાનો પહેલાં કારકિર્દીને મહત્વ આપે છે ત્યારબાદ લગ્નનું વિચારે છે .આ ઉપરાંત જીવનસાથી પસંદગીનાં વલણો બદલાયાં છે .યુવાનોમાં આંતરધર્મીય અને આંતરજ્ઞાતીય લગ્નનું પ્રમાણ વધ્યું છે .તેમજ છુટાછેડામાં પણ પ્રમાણ વધ્યું છે.

**હેતુ-: પદ્ધતિઓ અને સામગ્રી ,**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ યુવાનોની વિવિધ પ્રકારની આકાંક્ષાઓ ,વલણો ,વર્તનો ,વિચારો તેમજ યુવાનોનાં વિવિધ પ્રશ્નો અને અજંપાની માહિતી મેળવવાનો છે .આથી ઉપર્યુક્ત હેતુનાં સંદર્ભમાં યુવાનો કેવાં પ્રકાર નાં લગ્નમાં માને છે? પાત્રપસંદગી વિશેની અપેક્ષાઓ કેવી છે ?લગ્નમાં છૂટાછેડા વિશેનાં મંતવ્યો કેવાં છે?ગે ,લેસ્બિયન ,લિવ-ઇન-રીલેશનશીપ જેવાં સંબંધોને યુવાનો આવકારે છે કે નહિ ?યુવાનો કેવાં પ્રકારે લગ્ન કરવા માંગે છે ?તે સંબંધિત જાણકારી મેળવવા માટે પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરે છે .પ્રસ્તુત સંશોધનમાં જુદી-જુદી ચાર કોલેજોમાંથી કુલ ૨૦૦ યુવાનોને ઉત્તરદાતાઓ તરીકે

RRIJM 2015, All Rights Reserved

પસંદ કરેલ છે .જેમાંથી ૧૦૦ યુવકો અને ૧૦૦ યુવતીઓનો સમાવેશ કરેલ છે.

**અભ્યાસમાં સમાવેશ કરેલ કોલેજોની યાદી -:**

૧ .રાષ્ટ્રભાષા આર્ટસ કોલેજ ,એલિસબ્રિજ ,અમદાવાદ

૨ .એસ.એલ.યુ .આર્ટસ કોલેજ ,પાલડી ,અમદાવાદ

3 .સી.યુ.શાહ આર્ટસ કોલેજ ,લાલ દરવાજા ,અમદાવાદ

૪ .એમ.પી .આર્ટસ કોલેજ ,રાયપુર ,અમદાવાદ

**યુવાનોની લગ્ન-: વિષયક આકાંક્ષાઓ-**

આધુનિક સમયમાં યુવાનોની પસંદગીને લગ્ન બાબતમાં વધારે મહત્વ આપવામાં આવે છે.કુટુંબના વડીલો યુવાનોને પોતાની પસંદગીનાં જીવનસાથી પસંદ કરવાની તક આપે છે . જયારે ઘણા કુટુંબમાં આજે પણ વડીલો યોજીત જ લગ્ન કરવા પડતા હોય છે .આથી યુવાનો વડીલયોજીત કે સ્વ-પસંદગીથી લગ્ન કરવા માંગે છે ?તે જાણવાનો હેતુ છે.

ઉત્તરદાતાઓ કેવાં લગ્નમાં માને છે ?તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વડીલયોજીત | ૪૨ | ૨૧ |
| ૨ | વડીલયોજીત પણ સ્વ-પસંદગી | ૧૪૪ | ૭૨ |
| 3 | સ્વપસંદગી- | ૧૪ | ૭ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, સૌથી વધુ ૭૨ ટકા યુવા-ઉત્તરદાતાઓ માને છે કે ,તેઓ વડીલયોજીત પણ સ્વ-પસંદગીનાં લગ્ન કરવા માંગે છે .આ પરથી કહી શકાય કે ,યુવાનો એને જ જીવનસાથી તરીકે પસંદ કરશે કે એવાં જ લગ્ન કરશે કે જેનાં વડીલોની સંપૂર્ણ સહમતિ હોય પરંતુ પોતાની પસંદગીને પણ પ્રાધાન્ય આપતા હોય છે.

વર્તમાન સમયમાં યુવાનોમાં પાત્ર પસંદગીનાં ખ્યાલો બદલાયા છે .જેમ-જેમ યુવાનોના શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે તેમ-તેમ પાત્ર-પસંદગી વિશેનાં વાળનો બદલાતા જાય છે . યુવાનો મોટેભાગે બાહ્ય દેખાવ ,કૌટુંબિક દરજ્જો ,શિક્ષણ, સ્વભાવ વગેરેને મહત્વ આપતા હોય છે .અભ્યાસમાં સમાવેશ યુવાનો પાત્ર-પસંદગી બાબતે કેવી-કેવી અપેક્ષાઓ રાખે છે ?તે સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે .

ઉત્તરદાતાઓની પાત્રપસંદગી વિશેની અપેક્ષાઓ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | દેખાવ | ૦૫ | ૨૫. |
| ૨ | વ્યવસાય અને આવક | ૦૮ | ૪ |
| 3 | શિક્ષણ | ૨3 | ૧૧૫. |
| ૪ | કૌટુંબિક દરજ્જો | ૧૨ | ૬ |
| ૫ | સ્વભાવ | ૬૭ | 33૫. |
| ૬ | બધું જ | ૮૫ | ૪૨૫. |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે ,સૌથી વધુ ૪૨.૫ ટકા ઉત્તરદાતાઓ પાત્ર-પસંદગીમાં દેખાવ ,વ્યવસાય, આવક ,શિક્ષણ ,કૌટુંબિક દરજ્જો ,સ્વભાવ એમ બધાં જ પરિબળો ધ્યાનમાં લે છે .આ બધી જ અપેક્ષાઓ પાત્ર-પસંદગી વખતે નોંધે છે.

અવનવી ટેકનોલોજી ,પશ્ચિમીકરણનાં પ્રભાવને લીધે 'પતિ એ જ પરમેશ્વર', 'લગ્ન એ સાત જન્મનું બંધન 'વગેરે જેવી માન્યતાઓ દુર થવાં લાગી છે .પત્ની એ પતિની દાસી નહિ ,પરંતુ પતિની સમકક્ષ બની છે .પરંતુ સાથે-સાથે પતિ-પત્નીના સંબંધોમાં વહેમ-શંકાનું પ્રમાણ વધતું જોવા મળે છે. વધુ પડતા સંઘર્ષને લીધે છૂટાછેડા પણ લેતા હોય છે .આથી યુવાનો મુજબ લગ્નમાં છૂટાછેડા લેવા જોઈએ કે નહિ ?તે વિશેની માહિતી એકત્રિત કરવામાં આવી છે.

લગ્નમાં છૂટાછેડા વિશેનાં ઉત્તરદાતાઓનાં મંતવ્યો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સર્વાંશે | ૦૯ | ૪૫. |
| ૨ | કેટલેક અંશે | ૧૦૪ | ૪૮ |
| 3 | જરાપણ નહિ | ૮૭ | ૪3૫. |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

કોષ્ટકીય માહિતી પરથી જોઈ શકાય છે કે ,સૌથી વધુ ૪૮ ટકા યુવાનો જણાવે છે કે ,કેટલેક અંશે છૂટાછેડા લેવાં જોઈએ. એટલે કે ,જ્યાં ખરેખર લગ્ન-સંબંધમાં વધુ અણબનાવ ,સંઘર્ષ, મતભેદ ,મનભેદ વધી જાય અને નિરાકરણ માટેનો કોઈ વિકલ્પ ન હોય ત્યારે છૂટાછેડા લેવા જોઈએ .જયારે ૪3.૫ ટકા ઉત્તરદાતાઓ મુજબ ,છૂટાછેડા લેવા જ ન જોઈએ .આથી સ્પષ્ટ થશે કે ,આ યુવાનો મુજબ ,લગ્ન-સંબંધનો અંત ન લાવવો જોઈએ.

અન્ય વિકસિત દેશોની જેમ જ ભારતમાં ગે ,લેસ્બિયન અને લિવ-ઇન-રીલેશનશીપ જેવા સંબંધોને કાનુની માન્યતા પ્રદાન થઇ છે .જેની યુવાનો પર ગંભીર અસરો થઇ જ હશે .જે યુવાનો ગે ,લેસ્બિયન અને લિવ-ઇન-રીલેશનશીપ જેવા સંબંધો ધરાવતા હશે તેઓની આકાંક્ષાઓ ,અપેક્ષાઓ જુદા જ પ્રકારની હશે .કાનુની માન્યતા મળવા છતાં આ સંબંધોને લોકો જલ્દી અપનાવતા નથી ,તેમજ ખરાબ મંતવ્યો ધરાવે છે .આથી યુવાનો આવા સંબંધોને આવકારે છે કે નહિ ,તે જાણવાનો હેતુ છે.

**ગે રીલેશનશીપ જેવાં સંબંધોને ઉત્તરદાતાઓ-ઇન-લિવ ,લેસ્બિયન , ?આવકારે છે કે નહિ તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૮ | ૯ |
| ૨ | ના | ૧૮૨ | ૯૧ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે ,સૌથી વધુ ૯૧ ટકા યુવાનો ગે ,લેસ્બિયન અને લિવ-ઇન-રીલેશનશીપ જેવા સંબંધોને આવકારતા નથી .આ સંબંધોને યુવાનો સમાજના ધોરણો-મૂલ્યો વિરુદ્ધના ગણતા હશે ,તેમ કહી શકાય .આ ઉપરાંત યુવાનોના મિત્રો પણ આ સંબંધો ધરાવતા હશે તો તેઓ તેમનો પણ સ્વીકાર કરશે નહિ ,તેમ કહી શકાય.

પાત્ર-પસંદગીથી માંડીને લગ્ન કેવી-રીતે કરવા ?ક્યાં કરવા ?વગેરે જેવા પ્રશ્નો પ્રત્યે યુવાનો સંપૂર્ણ સજાગ અને સભાન હોય છે ,તેમજ યુવાનો પાસે અનેક પ્રકારના વિકલ્પો પન તૈયાર જ હોય છે .દરેક યુવાનો અન્ય કરતા જુદા જ પ્રકારે લગ્ન કરવા પ્રેરાય છે .આ માટે તેઓ અઢળક રૂપિયા પણ ખર્ચવા તૈયાર હોય છે .આથી યુવાનો કેવા પ્રકારે લગ્ન કરશે ?તે જાણવાથી યુવાનોના લગ્ન માટેના આયોજન ,લગ્ન પ્રત્યેની અપેક્ષાઓની જાણકારી પ્રાપ્ત થશે.

**ઉત્તરદાતાઓ કેવાં પ્રકારનાં લગ્ન કરશેતે દર્શાવતું કોષ્ટક ?**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | કોર્ટમેરેજ- | ૦૯ | ૪૫. |
| ૨ | આર્ય સમાજ | ૧૮ | ૯ |
| ૩ | સમુહલગ્ન- | ૧૫ | ૭૫. |
| ૪ | ધામધૂમથી- | ૧૫૩ | ૭૬૫. |
| ૫ | ડેસ્ટીનેશન વેડીંગ | ૦૫ | ૨૫. |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

મોટાભાગના ૭૬.૫ ટકા યુવાનો ધામ-ધૂમથી લગ્ન કરવાનું જણાવે છે .આધુનિક સમયમાં લગ્ન-પ્રસંગોમાં ડીજે , મોટા-મોટા પાર્ટીપ્લોટમાં શાહી લગ્ન સમારંભ યોજવા ,અનેક વાનગીઓ ,બધા જ સગાઓને આમંત્રિત કરવાનું એક પ્રકારનું ફેશન બની ગયું છે .જેની અસર યુવાનો પર પડે છે ,આથી યુવાનો પણ ધામધૂમથી લગ્ન કરવા પ્રેરાય છે.

આમ ,ઉપર્યુક્ત માહિતી પરથી સ્પષ્ટ થશે કે ,યુવાનોની લગ્ન-વિષયક માન્યતાઓ ,પાત્ર-પસંદગી વિશેના વલણો , અપેક્ષાઓ બદલાયા છે .લગ્ન વિશેના ખ્યાલોમાં પરિવર્તન આવ્યું છે .જેની યુવાનોના અંગત-જીવન ,મોજ-શોખ ,વિચારોમાં અસરો થાય છે.

**સંશોધનનાં મુખ્ય તારણો -:**

1. આ સંશોધનમાં ૨૦૦ અભ્યાસ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો .જેમાં ૧૦૦ પુરુષો અને ૧૦૦ સ્ત્રીઓ સમાન રીતે વહેચાયેલા છે.
2. અભ્યાસ વિષયનાં મોટાં ભાગના ઉત્તરદાતાઓ ૫૭.૫ ટકા સંયુક્ત કુટુંબમાં રહે છે.
3. ૪૯.૫ ટકા ઉત્તરદાતાઓનાં કુટુંબમાં કુલ સભ્ય સંખ્યા ૫ થી ૭ જેટલી જોવા મળી.
4. ૬૬.૫ ટકા યુવાનોએ પોતે જ પોતાનાં કુટુંબમાં સૌથી વધુ શિક્ષણ લીધેલ છે.
5. સૌથી વધુ ૭૨ ટકા યુવા-ઉત્તરદાતાઓ માને છે કે , તેઓ વડીલયોજીત પણ સ્વ-પસંદગીનાં લગ્ન કરવા માંગે છે.
6. ૪૨.૫ ટકા ઉત્તરદાતાઓ પાત્ર-પસંદગીમાં દેખાવ , વ્યવસાય ,આવક ,શિક્ષણ ,કૌટુંબિક દરજ્જો ,સ્વભાવ એમ બધાં જ પરિબળો ધ્યાનમાં લે છે.
7. ૪૩.૫ ટકા ઉત્તરદાતાઓ મુજબ ,છૂટાછેડા લેવા જ ન જોઈએ .જયારે સૌથી વધુ ૪૮ ટકા યુવાનો જણાવે છે કે ,કેટલેક અંશે છૂટાછેડા લેવાં જોઈએ.
8. સૌથી વધુ ૯૧ ટકા યુવાનો ગે ,લેસ્બિયન અને લિવ-ઇન-રીલેશનશીપ જેવા સંબંધોને આવકારતા નથી.

9. મોટાભાગના ૭૬.૫ ટકા યુવાનો ધામ-ધૂમથી લગ્ન કરવાનું જણાવે છે.

## સંદર્ભ સૂચિ


1. બ્રહ્મભટ્ટ ભુપેન્દ્ર જે) .૨૦૦૮(, "કોલેજના યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ અમદાવાદ શહેરના સંદર્ભમાં ,"અપ્રગટ શોધ નિબંધ ,ગુજરાત યુનિવર્સીટી.
2. દવે જે.કે) ૨૦૧૩(, "ભારતમાં સાંપ્રત સામાજિક સમસ્યાઓ "અનડા બુક ડીપો ,'ગ્રંથસેતુ '૧૯૭૬ ,ગાંધીમાર્ગ ,અમદાવાદ-૩૮૦૦૦૧
3. Shodhganga.inflibnet.ac.in